Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्रुतसागर

वर्ष-३, अंक-६, कुल अंक-३१, अगस्त-२०१३



श्री वीरजिन स्तुतिमय चित्रकाव्य

## आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर

For Private and Personal Use Only



वि.सं. 1478 मां लखायेल श्री उत्तराध्ययनसूत्रनी प्रतनुं अंतिम पत्र

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर का मुखपत्र

# श्रुतसागर

## ३१

❖ **आशीर्वाद** ❖

**राष्ट्रसंत प. पू. आचार्य श्री पद्मसागरसूरीश्वरजी म. सा.**

❖ **संपादक मंडल** ❖

मुकेशभाई एन. शाह

कनुभाई एल. शाह

हिरेन दोशी

डॉ. हेमन्त कुमार

केतन डी. शाह

एवं

ज्ञानमंदिर परिवार

***१५ अगस्त, २०१३, वि. सं. २०६९, श्रावण सुद-९***

## प्रकाशक

आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर
श्री महावीर जैन आराधना केन्द्र कोबा, गांधीनगर-३८२००७
फोन नं. (०७९) २३२७६२०४, २०५, २५२ फेक्स : (०७९) २३२७६२४९
**website** : www.kobatirth.org
**email** : gyanmandir@kobatirth.org

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## अनुक्रम


| | | |
|---|---|---|
| १. संपादकीय | - | ३ |
| २. उपदेशमालावर्णन स्वाध्याय | मुनिश्री सुयशचंद्रविजय | ४ |
| ३. उपदेशमाला कृति सूचि | हिरेन दोशी | ७ |
| ४. केटलीक प्रतिलेखन पुष्पिकाओं | हिरेन दोशी | १० |
| ५. समग्र आगमो लखावनारा बे संघवी भाईओ | पं. अंबालाल प्रेमचंद शाह | १२ |
| ६. योगपरम्परा में वर्णित आध्यात्मिक विकास एवं गुणस्थान | डॉ. दीपा जैन | १९ |
| ७. चित्रकाव्य एक परिचय | मुनिश्री सुयशचंद्रविजय | २४ |
| ८. चातुर्मास सूचि | - | २६ |
| ९. श्रुतसेवानो एक आत्मीयताभर्यो अभिप्राय | - | ३० |
| १०. ज्ञानमंदिर संक्षिप्त अहेवाल जुलाई-१३ | - | ३१ |
| ११. समाचारसार | - | ३२ |


***प्राप्तिस्थान***


आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर
तीन बंगला, टोलकनगर
परिवार डाईनिंग हॉल की गली में
पालडी, अहमदाबाद - ३८०००७
फोन नं. (०७९) २६५८२३५५



***प्रकाशन सौजन्य***

**Anjan N. Shah**

**(N. J. Shah Parivar),**

**Supreme Offshore Constructions & Technical Services Limited,**

**410/411, Midas Sahar Plaza,Kondivita, M. V. Road,**

**Andheri (East), Mumbai-400059.**

**Tel.: 022 2820 4104, 2839 2594, 2839 6708**

**e-mail: socts@bom5.vsnl.net.in**


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# संपादकीय

'श्रुतसागर धीमी पण मक्कम गतिए श्रुतसेवामां पोतानुं आगवुं प्रदान नोंधावी रह्युं छे.' वाचकोनी एवी लागणी पत्रना माध्यमे अमारा सुधी मळी रही छे, आवी रही छे. ए अमारा सहु माटे एक आनंदनी वात छे.

**वात आ अंकनी :**

श्री संघमां स्वाध्यायनुं बळ वधे ए आशयथी आ अंकमां धनहर्ष गणिकृत उपदेशमाळानी सज्झाय आपवामां आवी छे, तो एनी साथे साथे ज्ञानमंदिरमां संगृहीत उपदेशमाळा ग्रंथ उपर मळता साहित्यनी संक्षिप्त नोंध पण आपवामां आवी छे. तेमज वीरजिन स्तुति रूप एक चित्रकाव्य कृति पण आ अंकमां प्रकाशित करी छे. आ प्रकारना चित्र काव्योने उकेलवाथी भक्ति अने साहित्यना केटलांय नवा पासाओनो परिचय थाय छे. आ अंकना मुख्य टाईटल रूपे प्रकाशित चित्रकाव्य श्री ईन्दुभाई (U.S.A.) तरफथी मळेल छे. ए बदल एमनो खूब खूब आभार..

उपरोक्त बन्ने लघुकृतिओ संपादित करी पू. मुनिराज श्री सुयशचंद्रविजयजी म. सा. श्रुतसागर माटे मोकली छे. श्रुतसागर माटे एमनो सहयोग खूब सुंदर रह्यो छे. दर अंके कांईक नवुं-नवुं साहित्य तैयार करीने त्वराथी मोकलता रहे छे. ए बदल एमनो खूब-खूब आभार मानवो रह्यो.

आ साथे ज्ञानमंदिरमां संगृहीत अप्रकाशित विक्रमनी १५मी सदीमां आलेखायेली प्रतनी प्रतिलेखन पुष्पिकाओ अत्रे प्रस्तुत करी छे. आ प्रतिलेखन पुष्पिका विषयक एक विशिष्ट प्रतिलेखन पुष्पिकाने प्रकाशित करतो जैन सत्य प्रकाशना वर्ष - ११मां प्रकाशित **'समग्र आगम लखावनार बे संघवी भाईओनी प्रशस्ति'** नो लेख पण अत्रे प्रकाशित कर्यो छे. जूना मेगेझिनोमां रहेला विशिष्ट लेखो अने ऐतिहासिक विगतो आजना वाचको सुधी मळे ए आशयथी ज आ लेख प्रकाशित कर्यो छे. तेमज ज्ञानमंदिरना वाचक संशोधक डॉ. दीपा जैननो आध्यात्मिक विकास अने गुणस्थानकनुं समायोजन करतो योग विषयक लेख पण स्वाध्याय अने मनन माटे उपयोगी थाय एवो होवाथी अत्रे प्रकाशित करेल छे.

योगनिष्ठ पूज्य आचार्य भगवंतश्री बुद्धिसागरसूरीश्वरजी म. सा. आज्ञानुवर्ती पूज्य साधु-साध्वीजी भगवंतोना वि. सं. २०६९ना चातुर्मासनी सूचि आ अंकमां प्रकाशित करी छे.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉપદેશમાલાવર્ણન સ્વાધ્યાય

**મુનિશ્રી સુયશચંદ્રવિજય**

- ઉપદેશમાળા એટલે ધર્મદાસગણિજીનો અનુગ્રહ મેળવવાનું સરનામું.
- ઉપદેશમાળા એટલે આત્મભોગ અને આત્મસ્વરૂપનો વૈભવ.
- ઉપદેશમાળા એટલે સાધના અને સિદ્ધિનો સરવાળો.
- ઉપદેશમાળા એટલે પ્રભુના સુગંધી વચનપુષ્પોની માળા.
- ઉપદેશમાળા એટલે શ્રી સંઘના જ્ઞાન-દર્શન-ચારિત્રના

સંસ્કાર અને સાધના ઘેરા અને ઘાટા બને એવું ઔષધ.

ચતુર્વિધ શ્રી સંઘના શ્રેયાર્થે પ્રભુ મહાવીર મહારાજાના સ્વહસ્તે દીક્ષિત શ્રી ધર્મદાસગણિ મહારાજે આ ગ્રંથની રચના કરી. પ્રભુના પ્યારા પ્યારા વચનોને એમણે ગુંથ્યા, ઉપદેશમાળા રૂપે.

રણસિંહ કુંવરના પ્રતિબોધ માટે રચાયેલા પદ્યો આપણા જીવનને પણ પ્રતિબોધ અને સચેતન કરે છે. ધર્મદાસગણિ મોહની ઘેરી નિંદરમાંથી આપણને જગાડતા હોય એવો અનુભવ થાય એમના શબ્દોમાં.

**किं लिंगविड्डुरीधारणेण कज्जम्मि अट्ठिए ठाणे ।**
**राया न होइ सयमेव, धारितो चामराडोवे ।।४३६।।**

સંયમના મૂળ પ્રયોજનને જો પામી ન શકાતું હોય તો વેશને ધારણ કરવાથી શું? કોઈ આપ મેળે છત્ર અને ચામર ધારણ કરેર છતા સ્વામિત્વ વગર રાજા થવાય નહીં.

**जो सहइ तस्स धम्मो, जो धिइमं सो तवं चरइ ।। ११९।।**

જે સહન કરે છે તેને જ ધર્મ છે. અને જે નિશ્ચલ ચિત્તવાળા છે તે જ તપ આચરે છે.

**इक्को नवरि न दम्मइ, नरंकुसो अप्पमो अप्पा ।।१८३।।**

બધાંને વશ કરવા સહેલાં છે. પણ કેવલ પોતાના અંકુશ રહિત આત્માને દમિત કરવો અઘરો છે.

આવા તો કેટલાય ભીના ભીના પદ્યો આપણા ભીતરને વિકસિત કરે છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચતુર્વિધ શ્રી સંઘમાં આ ગ્રંથનો સ્વાધ્યાય થતો એટલે જ અતિચારમાં **'ઉપદેશમાળા પ્રમુખ સિદ્ધાંત પઢ્યો ગુણ્યો નહીં'** એવો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. મંત્રી પેથડ ચરિત્રમાં પણ 'તેઓ જ્યારે રાજદરબારમાં જતા ત્યારે અવકાશ મળતા ઉપદેશમાળાનો સ્વાધ્યાય કરતા' એવો પાઠ મળે છે. જો કે આજે આ ગ્રંથ સાધુ-સાધ્વીજી ભગવંતના અધ્યયન પૂરતો સિમિત થઈ ગયો છે. ત્યારે આ ગ્રંથની મહત્તા સમજી શ્રીસંઘમાં તેનો સ્વાધ્યાય ખૂબ જ વધે એ જ મહેચ્છા સાથે આ ઉપદેશમાળાનો પરિચય આપતી આ કૃતિ અત્રે પ્રકાશિત કરી છે.

પ્રસ્તુત કૃતિમાં કવિએ ઉપદેશમાળા ગ્રંથના પરિમાણ અને ગ્રંથના તત્ત્વને બહુ સુંદર રીતે રજૂ કર્યું છે. કવિએ ગ્રંથ બહુમાનને વર્ણવતા શ્રી સંઘમાં ગ્રંથની ગાથા પ્રમાણ લાડુ વહેંચવા એવી નોંધ પણ કરે છે. કૃતિના અંતમાં મૂળ કૃતિકારનો પરિચય તથા છેલ્લે પ્રસ્તુત કૃતિકાર તરીકે સ્વ-નામ ઉલ્લેખ કરી કૃતિ પૂર્ણ કરે છે.

કવિ ધનહર્ષ ગણિ આચાર્યશ્રી હીરવિજયસૂરિ મ. સા. ની પરંપરામાં ધર્મવિજયજીના શિષ્ય હોવા જોઈએ. તેમનું સુધનહર્ષ એવું અન્ય નામ પણ મળે છે. પ્રસ્તુત કૃતિ સિવાય એમની જમ્બૂદ્વીપ વિચાર સ્તવન, તીર્થમાળા, સમ્યક્ત્વ સ્તવન જેવી અન્ય કેટલીક કૃતિઓ પણ મળે છે. રચના એકંદરે સુંદર અને તાત્વિક છે.

ઉપદેશમાળા એ સ્વાધ્યાય માટે મહત્ત્વનો ગ્રંથ હોવાથી પઠનપાઠનમાં પણ ભરપૂર ઉપયોગમાં હતો. આ ગ્રંથનો આધાર લઈને અનેક નાની મોટી રચનાઓ થઈ છે. ઉપદેશમાળા ગ્રંથ આધારિત કૃતિઓની નોંધ વાચકોના સ્વાધ્યાય માટે પ્રકાશિત કરી છે. આ કૃતિ નોંધમાં પ્રકાશિત/અપ્રકાશિત સાહિત્યની નોંધ સમાવિષ્ટ છે. તેમજ જ્ઞાનમંદિરમાં સંગૃહીત કૃતિઓનો જ આ નોંધમાં સમાવેશ કર્યો છે. ઉપદેશમાળા વિષયક આ કૃતિ નોંધમાં પણ કોઈક કૃતિ ઉતારવાની રહી જવા પામી હોય તો અમને જણાવશો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



||ई६०|| || पंडितश्री ५श्रीधनहर्षगणि गुरुभ्यो नमः ||

श्रीजिनवचन वखाणतां, रसना होइ पवित्त,
शास्त्र भणंतां साधुनइ, थावइ रे विमल चरित्र. १

**उपदेशमाला** गाविइ, सुण सुंदरि(री) हो, भणिइ एह,
एहथी वंछित पावइ, जिम होवइ हो, निर्मल देह,
एहनो अर्थ धराह्विइ, भवसागरि हो, पडितो एह,
आपणो जीव तराविइ, गुरू-गुरूणि(णी)स्युं हो, धरिइ नेह. २

उपदेशमाला..... (आंचली)

श्रमण अनइ श्रमणी तणी, कथा कही जिहां चंग,
तिम श्रावक-श्रावी कथा, सुणतां रे धर्मह रंग. ३ उपदेशमाला...

चालीस गाथा पणसयां, मुक्ताफलनो हार,
कंठिं धर(री) जे साचवे, सुणिजे रे सीख अपार. ४ उपदेशमाला...

सड्ढ सावि आपणि भणइ, मुनि साहुणी अनेक,
सारी अति सिद्धांतथी, उपदेश रे माला एक. ५ उपदेशमाला...

गुरू-गुरूणीनो भावस्युं, साचो विनय करंति,
उपदेसमाला जे भणइ, ते भव रे जलहि तरंति. ६ उपदेशमाला...

श्री-संति-वुड्ढि-मंगल करी, ए श्री उपदेशमाल,
सूत्रि अर्थि जे भणइ, तस घरि लच्छि विशाल. ७ उपदेशमाला...

च्यालीस अधिका पणसयां, गाथानइ परमाणिं,
मोदक मोटा संघमां, ल्हवरावता रे तु वलि जाणिं. ८ उपदेशमाला...

भणइ जे भावस्युं, **धर्मदास गणि** प्रणमिइं, उपदेशमालाकार,
हर्स्तिं दीक्षित **वीर**नो, शिष्य साचो रे गुणभंडार. ९ उपदेशमाला...

उपदेशमाला इम थुणइ, भावि बुध **धनहर्ष**,
भणतां गुणतां निसुणतां, होवइ रे बहु धन-हर्ष. १० उपदेशमाला...

*|| इति श्रीउपदेशमालावर्णनस्वाध्यायः ||*

For Private and Personal Use Only

# उपदेशमाला कृति सूचि

**उपदेशमाला प्रा. धर्मदासगणि महाराज**

***उपदेशमाला ग्रंथ उपर गुजराती/हिन्दी/अंग्रेजी भाषामां मळतो आधुनिक साहित्यनी नोंध***

| क्र. | कृति नाम | भाषा | कर्ता |
|---|---|---|---|
| १ | उपदेशमाला - अनुवाद | गु. | भुवनभानुसूरि |
| २ | उपदेशमाला - अनुवाद | गु. | कर्पूरविजय |
| ३ | उपदेशमाला - अनुवाद | गु. | भद्रंकरसूरि |
| ४ | उपदेशमाला - अनुवाद | गु. | प्रद्युम्नसूरि |
| ५ | उपदेशमाला - अनुवाद | गु. | चंद्रशेखरविजय |
| ६ | उपदेशमाला - अनुवाद | गु. | चंद्रशेखरविजय |
| ७ | उपदेशमाला - अनुवाद | गु. | - |
| ८ | उपदेशमाला - टीका - अनुवाद | गु. | हेमसागरसूरि |
| ९ | उपदेशमाला - टीका - अनुवाद | गु. | - |
| १० | उपदेशमाला - बालावबोध - अनुवाद | गु. | कांतिभाई बी. शाह |
| ११ | उपदेशमाला - अनुवाद | गु. | अमितयशविजय |
| १२ | उपदेशमाला - अनुवाद | हिं. | पद्मविजय |
| १३ | उपदेशमाला - टीका - अनुवाद | हिं. | पद्मविजय |
| १४ | उपदेशमाला - टीका - अनुवाद | हिं. | जयानंदविजय |
| १५ | उपदेशमाला - बालावबोध का आधुनिक अध्ययन | गु. | कांतिभाई बी. शाह |
| १६ | उपदेशमाला का आधुनिक अध्ययन | हिं. | दीनानाथ शर्मा |
| १७ | उपदेशमाला - अनुवाद | गुं. | विज्ञानप्रभविजयजी |
| १८ | TESSITORI'S PIONEERING WORK ON THE UVAESAMALA A SRAMANA BASIC BOOK OF JAINA TEACHINGS | अं. | नलिनी बलबीर |

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| क्र. | कृति नाम | भाषा | कर्ता |
|---|---|---|---|
| १९ | उपदेशमाला - पीठिका | गु. | - |
| २० | उपदेशमाला एक समीक्षा | हिं. | दीनानाथ शर्मा |
| | ***उपदेशमाला ग्रंथ उपर मारुगुर्जर भाषामां मळता साहित्यनी नोंध*** | | |
| २१ | उपदेशमाला- टबार्थ एवं अनुक्रमणिका | प्रा.,मा.गु. | - |
| २२ | उपदेशमाला - अनुवाद | मा.गु. | रत्नसिंहसूरि-शिष्य |
| २३ | उपदेशमाला अंतर्गत शकुनविचार | प्रा., मा.गु.,सं. | - |
| २४ | उपदेशमाला रास (सं. १६८०) | मा.गु. | ऋषभदास संघवी |
| २५ | उपदेशमाला अंतर्गत शकुनविचार | मा.गु. | - |
| २६ | उपदेशमाला - कथासंग्रह | प्रा., मा.गु. | - |
| २७ | उपदेशमाला - कथासंग्रह | मा.गु. | - |
| २८ | उपदेशमाला - कथासंग्रह (सं. १७१३) | मा.गु. | वृद्धिविजय |
| २९ | उपदेशमाला - कथासंग्रह | मा.गु. | - |
| ३० | उपदेशमाला - कथासंग्रह | मा.गु. | - |
| ३१ | उपदेशमाला - टबार्थ | मा.गु. | - |
| ३२ | उपदेशमाला - टबार्थ | मा.गु. | - |
| ३३ | उपदेशमाला - बालावबोध | मा.गु. | रत्नचरित्र-शिष्य |
| ३४ | उपदेशमाला - टबार्थ (सं. १७३२) | मा.गु. | ज्ञानविमलसूरि |
| ३५ | उपदेशमाला - टबार्थ | मा.गु. | - |
| ३६ | उपदेशमाला - बालावबोध | गु. | - |
| ३७ | उपदेशमाला - बालावबोध | मा.गु. | - |
| ३८ | उपदेशमाला - बालावबोध | मा.गु. | वृद्धिविजय |
| ३९ | उपदेशमाला - बालावबोध | मा.गु. | नन्नसूरि |
| ४० | उपदेशमाला - बालावबोध (सं. १४८५) | मा.गु. | सोमसुंदरसूरि |
| ४१ | उपदेशमाला - बालावबोध | मा.गु. | - |
| ४२ | उपदेशमाला - अंतर्गत - उत्कृष्ट -मध्यम गाथा व अक्षरसंख्या यंत्र | मा.गु. | - |

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| क्र. | कृति नाम | भाषा | कर्ता |
|---|---|---|---|
| | **उपदेशमाला ग्रंथ आधारित मळता संस्कृत/प्राकृत साहित्यनी नोंध** | | |
| ४३ | उपदेशमाला - अवचूरि | सं. | जयशेखरसूरि |
| ४४ | उपदेशमाला - अवचूरि | सं. | - |
| ४५ | उपदेशमाला - अवचूरि | सं. | - |
| ४६ | उपदेशमाला - हेयोपादेयावृत्ति - अवचूरि | सं. | सिद्धसाधु |
| ४७ | उपदेशमाला - दोघट्टीविशेषवृत्ति (सं. १२३८) | प्रा., सं. | रत्नप्रभसूरि |
| ४८ | उपदेशमाला - वृत्ति (सं. १७१८) | सं. | रामविजय |
| ४९ | उपदेशमाला - हेयोपादेया वृत्ति | सं. | सिद्धर्षि गणि |
| ५० | उपदेशमाला - उपदेशकर्णिका वृत्ति (सं. १२९९) | सं. | उदयप्रभसूरि |
| ५१ | उपदेशमाला - वर्णमालिका | सं. | - |
| ५२ | जंबूस्वामी चरित्र | प्रा., सं. | रत्नप्रभसूरि |
| ५३ | उपदेशमाला - कथासंग्रह | सं. | - |
| ५४ | उपदेशमाला - कथासंग्रह | सं. | - |
| ५५ | उपदेशमाला - चयन श्लोकसंग्रह | प्रा. | - |
| ५६ | उपदेशमाला - चयन श्लोकसंग्रह | प्रा. | कांतिविजय |
| ५७ | उपदेशमाला - चयन श्लोकसंग्रह | प्रा. | - |
| ५८ | उपदेशमाला - श्लोकानुक्रमणिका | प्रा. | - |
| ५९ | उपदेशमाला - विवरण (सं. १२२७) | सं. | - |
| ६० | उपदेशमाला-(प्रा.)अनशन गाथाक्रम | प्रा. | - |
| ६१ | उपदेशमाला गाथा शकुन | प्रा., मा.गु. | - |
| ६२ | उपदेशमाला गणना एवं शकुन विचार विधि | मा.गु. | - |
| ६३ | रणसिंहचरित्र | सं. | - |
| ६४ | उपदेशमाला - कथासंग्रह | प्रा. | वर्धमानसूरि |

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કેટલીક પ્રતિલેખન પુષ્પિકાઓ

હિરેન દોશી

વિક્રમની ૧૫ મી સદીની કેટલીક પુષ્પિકાઓ અત્રે પ્રસ્તુત છે. આ પ્રતિલેખન પુષ્પિકાઓ જ્ઞાનમંદિરમાં સંગૃહીત પ્રતોના આધારે અહીં પ્રગટ થાય છે. આ પ્રતિલેખન પુષ્પિકાઓ પ્રાયઃ ક્યાંય નોંધાયેલ નથી. પ્રતિલેખન પુષ્પિકાઓનો ઐતિહાસિક સામગ્રીમાં નોંધ-પાત્ર ફાળો રહ્યો છે. પુષ્પિકાઓના આધારે ઐતિહાસિક તથ્યોને ઉજાગર કરવાના આશયથી જ આ અંકમાં પુષ્પિકાઓ પ્રકાશિત છે. આ પુષ્પિકાઓ અપ્રકાશિત છે. શ્રુતસાગરના માધ્યમે આ પુષ્પિકાઓ પ્રકાશિત થઈ રહી છે. પુષ્પિકાઓમાં મળતી નોંધ અને તથ્યોનો વિશેષ પરિચય વાચકોએ સ્વયં મેળવી લેવો.

---

**१. पाक्षिकसूत्र एवं खामणासूत्र, पत्र संख्या - १५, प्रत क्रमांक - ९२२**

सं. **१४६५** वर्षे फागुण ३ छात्र देवजी पठनार्थं।।

**२. आवश्यकनिर्युक्ति सह भाष्य, पत्र संख्या - १२९, प्रत क्रमांक - २५५३**

ऊकेशाख्यगणेगणेषु विदिते, श्रीसिद्धसूर्यन्वये
काले विक्रमतोऽग्निभूधरसरिन्नाथद्विजेशोर्म्मिते
श्रीआवश्यकपुस्तकं व्यलिखतां साधूस्वयं चात्मनः
पाठार्थं जयनंदनाख्य मुनितौ रत्नौ चिरं नंदतात् ।।१।।

अक्षरमात्रपदस्वरहीनं व्यंजनसंधिविवर्जितरेफमा-
साधुभिरत्र मम क्षमितव्यं कोऽत्र न मुह्यति शास्त्रसमुद्रे।।२।।

सं. **१४८३** वर्षे देवकुलवाटकपुरे जयनंदनमुनिरत्नगणिभ्यां श्री आवश्यक-लघुवृत्तिर्लिखिता ।।छ।।

**३. पंचमीफल महात्म्य, पत्र संख्या -३७, प्रत क्रमांक - ५६२६**

संवत् **१४७२** वर्षे फागुण वदि ४ चतुर्थ्यां **सुजिंत्रितपुर**वासिना पं.भरद्वाजेन परोपकाराय पुस्तकमिदमलेखि ।।

**४. अभिधानचिंतामणिनाममाला सह अवचूरि, पत्र संख्या-३४, प्रत क्रमांक - ११२८६**

संवत् **१४९७** वर्षे माघ शुदि पंचमी दिवसे शउ(शु)क्रवारे श्रीमद् जोहरीनगर्यां

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मदहंसगणिनाऽलेखि पूज्य पं. सत्यशेखरगणि प्रसादात् ।।छ।।

**५. उत्तराध्ययनसूत्र सह टिप्पण, पत्र संख्या -२७, प्रत क्रमांक - ११७५६**

संवत् १४७८ वर्षे श्रावण वदि ६ शनू मूंजिगपुर वास्तव्य श्रेष्ठि गोवलेन लिखितं । श्री सोमसुंदरसूरिशिष्य पंडितसोमभूषणगणियोग्यम्।। शुभं भवतु लेखकपाठकयोः ।।छ।।छ।।छ।।छ।।

**६. योगशास्त्र सह अवचूरि (५-१२ प्रकाश), पत्र संख्या - १२, प्रत क्रमांक - १२१०७**

संवत् १४९४ वर्षे महामांगल्य फाल्गुन मासे शुक्लपक्षे द्वादश्यां तिथौ शनिवारे ।। अद्येह गंधार मंदिरे श्री चंद्रगच्छे पं. ज्ञानप्रभगणिवाचनार्थं विप्र त्रिविक्रमेणन लिखितं ।।छ।। छ।।।

**७. योगशास्त्र बालावबोध (१-४ प्रकाश), पत्र संख्या - ३५, प्रत क्रमांक - १२१७८**

संवत् १४९७ वर्षे माघ मासे शुक्लपक्षे नवम्यायां तिथौ रवि दिने मंडली नगर्यां श्रीमदंचलगच्छेश श्री जयकीर्त्तिसद्‌गुरुभ्यो नमः।। छ ।। शुभं भूयात् ।।

**८. नलराजा चरित्र, पत्र संख्या -११३, प्रत क्रमांक - १३४४१**

संवत १४९३ वर्षे मार्ग्र सुदि १५ पूर्णिमायां तिथौ चंद्रवासरे श्री पूर्णिमा केशी श्रीपूज्य श्री साधुकीर्तिसूरीश्वरप्रसादात् तालधजेदुर्गे पं. गुणकीर्तिगणिपार्श्वस्थ....पं. कृपासागरगणिना श्रीनलायन पुस्तकमलिखत्। सुश्रावे(व)क सायरस्यार्थे ।।छ।।

**९. नवतत्त्वप्रकरण सह बालावबोध, पत्र संख्या-५८, प्रत क्रमांक - १९९०५**

संवत् १४७५ वर्षे प्रथम फाल्गुन वदि ८ शुक्रे श्री स्तंभतीर्थे लिखितं ।।छ।। ग्रंथाग्र २०८५।। पं. देवकुशलगणीना ।।

**१०. चतुर्विंशतिजिन स्तुति सह अवचूरि, पत्र संख्या - ५, प्रत क्रमांक - २०४७९**

सं. १४७६ लिखिता लींबाकेन।।

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમગ્ર આગમો લખાવનારા બે સંઘવી ભાઈઓની પ્રશસ્તિ

**પં. અંબાલાલ પ્રેમચંદ શાહ**

ભગવાન્ મહાવીરસ્વામી પછી લગભગ ૧૦૦૦ વર્ષે જૈન સિદ્ધાંતગ્રંથો વ્યવસ્થિત રીતે ગ્રંથારૂઢ થયા. ત્યાં સુધી જૈન શ્રમણો એ ગ્રંથોને મુખ્યતઃ કંઠાગ્ર રાખતા. પણ ઉપરાઉપરી પડતા દુષ્કાળો અને પરદેશીઓના આક્રમણથી થતી ઉથલપાથલો-રાજ્યક્રાંતિઓથી એ ગ્રંથોને સ્મરણમાં રાખવાનું અને પરિષદ્ રૂપે એકત્ર મળવું કે ગણ-સમુદાયમાંથી વિખૂટા પડતાં ધાર્યા મુજબ એકઠા થવું દુષ્કર બનવા લાગ્યું. આથી સિદ્ધાંતગ્રંથોનું શૃંખલાબદ્ધ યથાસ્થિત સ્મરણ પણ વિસરાવા લાગ્યું, ત્યારે શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે તત્કાલીન પરિસ્થિતિને ધ્યાનમાં લઈ વલભીપુરમાં શ્રમણસંઘને એકઠો કર્યો અને સિદ્ધાંતગ્રંથો લખવાની પરિપાટી શરૂ કરી. એ પછી તો લેખનકળાનો પ્રવાહ સહસ્રમુખે વિસ્તાર પામ્યો. આમ જે લેખનકળાનો નવો પુણ્ય-ઉદ્યોગ ફાલ્યો ફૂલ્યો તેમાં લેખનકળાનાં સાધનો, લેખકો, સંશોધકો, લખાવનારા દાનવીરો અને એને માટેનાં મોટા મોટા ભાંડાગારો પણ ભિન્ન ભિન્ન નગર અને ગામોમાં વધવા લાગ્યાં. યદ્યપિ દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણના સમયમાં લખાયેલા ગ્રંથોમાંનો એક પણ ગ્રંથ કોઈ પણ ભંડારમાંથી આપણને પ્રાપ્ત થઈ શક્યો નથી, પણ તેની પરંપરાપ્રાપ્ત નકલો આજે આપણને ઉપલબ્ધ થાય છે.

લેખનપરંપરાનો વ્યવસાય તાડપત્ર ઉપરથી કાગળ ઉપર આવ્યો અને છાપખાનાંઓ થયાં ત્યાં સુધી ઉત્તરોત્તર વધતો જ ગયો. આજે જુદાં જુદાં નગરોના જ્ઞાનભંડારોમાં હજારો પ્રતિઓ એને જ પરિણામે સંગ્રહાઈ રહી છે. કેટલાક ભંડારો તો મુસ્લીમ આક્રમણમાં નષ્ટભ્રષ્ટ બન્યા અને તેમાં આપણાં મહામૂલાં રત્નો સમા કેટલાયે ગ્રંથો, જેમાંના કેટલાકનાં નામો આપણને કેટલીક ટિપ્પણીઓમાંથી મળે છે, તે ભસ્મસાત્ થઈ ગયા, છતાં આજે જે ગ્રંથો સચવાઈ રહ્યા છે તે ભારતીય ઇતિહાસનાં ઉજ્જ્વળ સીમાચિહ્નો રૂપે ભાત પાડી રહ્યા છે; એટલું જ નહિ એની સાધન-સામગ્રી બની રહ્યા છે. અને જૈન સંસ્કૃતિની તો જીવનોપયોગી જ્ઞાનવિજ્ઞાનની સાધનસંપત્તિ એમાં જ સંગ્રહાયેલી પડી છે.

આ ગ્રંથલેખનની આંતર વ્યવસ્થા જેમ જૈન શ્રમણોએ કરવા માંડી તેમ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાહ્ય વ્યવસ્થાને દાનવીર શ્રાવકોએ પૈસા આપી સમૃદ્ધ બનાવી. આ આંતર અને બાહ્ય વ્યવસ્થા કરનારાઓનાં નામો જાણવાનું એકમાત્ર સાધન એ ગ્રંથોની અંતે કેટલીક ગદ્ય-પદ્ય પ્રશસ્તિ-નોંધોમાં મળી આવે છે. આવી એક વિસ્તૃત પ્રશસ્તિ નીચે આપવામાં આવે છે; જેમાં ખીમસિંહ અને સહસા નામના બે સંઘવી ભાઈઓએ સં. ૧૫૩૮માં સમગ્ર આગમગ્રંથો લખાવ્યાની નોંધ તેમ જ તેમણે કરેલાં બીજા સુકૃતોની સૂચિ પણ જાણવા મળે છે. અને તે લખાતા ગ્રંથોની આંતર વ્યવસ્થા કરનારા શ્રી સોમજય મુનિ અને વિજયમંદિર ગણિના નામો પણ એમાં જોડાયેલાં મળી આવે છે. આ પ્રશસ્તિ અમદાવાદના 'ડહેલાના ઉપાશ્રય'ના ભંડારમાં વ્યવહારસૂત્રટીકા અને વ્યવહારચૂર્ણિના અંતે આપેલી જોવાય છે.

## ।। प्रशस्ति ।।

अस्ति स्वस्तिपदं श्रीगूर्जरमण्डलमखण्डलक्ष्मीकम्।
तत्राणहिल्लपाटकपुरं पुरन्दरपुरमिवाऽऽढ्यम् ।।१।।

आसीत् तत्र निवासी पुण्याभ्यासी च जिनमतोद्भासी।
प्राग्वाटबृहच्छाखामुकुटश्रीः श्रेष्ठिछाडाकः ।।२।।

काबाख्यस्तत्तनुभूरनुभूतागण्यपुण्यनैपुण्यः।
पत्नी फदूरदूषितमतिरतिर्यातिभक्तिभृत् तस्य ।।३।।

अनयोस्तनयौ सनयौचित्यादिसादरौ विदुरौ।
सदयौ सादा-राजडनामानौ प्रथितमहिमानौ ।।४।।

ललतूर्ललना सादाभिधस्य देवाह्वयश्च तनुजन्मा।
गोमतिरतिदानमतिर्युवतिः श्री राजडस्य पुनः ।।५।।

सत्कुलकमलविकाशन-जिनशासनगगनभासदिनेशौ।
श्रीखीमसिंह-सहसासंघाधिपपुङ्गवौ जयतः ।।६।।

धन्याद्यस्य धनाईगृहिणी स्पृहणीयगुणगणा प्रगुणा।
पुत्रौ देता-नोतासंज्ञौ विज्ञौ स्फुरत्प्रज्ञौ ।।७।।

दारू सारूप्यधरा श्रियाः प्रियाऽन्यस्य घौर(रे)यौ।
तनयौ समधर-ईसरसंज्ञौ दुहिता मल्हाईश्च ।।८।।

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अथ कनकाईर्लालीर्वडघूर्जीविणिरिति क्रमाद् वध्वः।
पुत्राश्च सोनपालाऽमीपालौ पूनपाल-हेमराज-धरणाख्यौ (ख्याः) ।। ९ ।।

पूरीर्जासूर्बासू इत्यभिधानाः प्रधानधीनिधयः।
अनयोश्च विश्वसाराः स्वसारः एता गुणोपेताः ।।१०।।

पितृविहितातुच्छोत्सवमभङ्गवैराग्यरङ्गसंगेन
पूरी पुनरुरीकृतदीक्षा श्रीसाधुलब्धिरिति नाम्नी ।।११।।

यौ सारपरीवारौ धर्माधारौ सदाचारौ।
स(सु)विशुद्धव्यवहारौ सविचारौ भृशमुदारौ च ।।१२।।

जयचन्द्रमुनीन्द्रैः स्थापितवन्तौ प्रवर्त्तनीपदवीम्।
तां श्रीसंघदुकूलादि-कमंडिदानादिमहपूर्वम् ।।१३।।

श्रीमच्चम्पकनेरपावकगिरौ प्रोत्तुङ्गशृंङ्गेऽर्हत् (त)-
श्चैत्यं तत्र च बिम्बमार्हतमतिप्रौढं प्रतिष्ठां तथा।
सत्योच्चैर्मुनिदृग्-शर-क्षिति (१५२७) मिति (ते) वर्षे सहर्षोत्सवं
पौषस्यासितपञ्चमीसुदिवसे या कारयाश्चक्रतुः ।।१४।।

सोत्कर्ष शिखि-शम्भु-नेत्रविषय-क्ष्मा(१५३३)संख्यवर्षे सदा-
प्यन्नावारितदानमानविधिभिः श्रीसंघसम्माननैः।
सुक्षेत्रार्थनिवेशनैर्जिनमतं प्रोद्भासयन्तौ च यौ।
श्रीशत्रुंजय-रैवतादिषु महायात्रोत्सवं चक्रतुः ।।१५।।

तौ श्रीधर्मधुरन्धरौ विधुरतां संप्रापयन्तौ सदा
सत्रागारविधानदीनजनताऽऽधारप्रदानैः कलिम्।
श्रीसाधर्मिकभक्तियुक्तिसुकृतासक्तिप्रसक्तौ निजं
नाम क्ष्मावधिनैकपुण्यकरणैः संस्थापयन्तौ ध्रुवम् ।।१६।।

सम्यग्दर्शन्मोदकाञ्जनमनो नासदृशं मोदकां-
श्चक्राणौ प्रचूरांस्तथा गुरुतरान् सद्रूप्यटङ्कोदहरान्।
कुर्वाणौ प्रतिमाप्रतिष्ठितिपदप्रौढप्रवेशोःसवां-
स्तीर्थोद्धारपरोपकारगुरुसत्कारप्रकारादिव ।।१७।।

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



साधु परिधापयन्तौ गच्छमतुच्छं विशेषवेषगणैः।
सममखिलमवनिमण्डलमपि यशसा वाससा सहसा ।।१८।।

प्राप्तप्रौढितपोगणप्रगुणिताऽत्यौन्नत्यनित्याश्रिया
श्रीसूरीश्वरसौमसुन्दरगुरुप्रष्ठाः प्रतिष्ठास्पदम् ।

सूरिश्रीमुनिसुन्दराह्वगणभृत् श्रीचन्द्रगच्छोर्मिभृ-
च्चन्द्रश्रीजयचन्द्रसूरिगुरवस्तत्पट्टविद्योतनः (नाः) ।।१९।।

तत्पट्टे गुरुरत्नशेखरवरस्तेषां च पट्टेऽधुना
लक्ष्मीसागरसूरियो विजयिनः सौभाग्यभाग्यान्विताः।
श्रीमान् (मत्) सोमजयाह्वयाश्च गणभूत्कोटीषु कोटीरता-
भाजस्तत्परिवारसारमपरेऽनूचानपादा इह ।।२०।।

तेषां धर्म्मरसोर्मिवर्मितगिरः श्रुत्वा सकर्णावुभौ
चित्कोशे द्रविणैर्निनोक्तसमयांस्तैर्लेखयन्ताविमाम्।
वर्षेऽलीलिषतां वसु-त्रि-शर-भू (१५३८) संख्ये प्रतिं प्रीतिदां
श्रीसंघाधिपरखीमसिंह-सहसासंज्ञो [व] दान्याविह ।।२१।।

एतांस्तु नव्यलिखितान् श्रीमत्सूरीन्द्रसोमजयगुरवः।
शोधनविधिना ग्रन्थान् समान् समीचीनतां निन्युः ।।२२।।

एतल्लेखनविषयोपक्रममसमं व्यधुर्धुतालस्याः।
चित्कोशसर्वचिन्ता विविधा विजयमन्दिरगणीन्द्राः ।।२३।।

श्रीखीमसिंह-सहसासंघपतिभ्यामुदारचरिताभ्याम् ।
लेखित एष विशेषाक्षरैरशेषोऽपि जिनसमयः ।।२४।।

प्रतिदिनमवहितमनसा मुनिजननिवहेन वाच्यमान इह।
विबुधैश्च शोध्यमान सर्वजनांनन्दकृन्नन्द्यात् ।।२५ ।।

## *।। इति प्रशस्तिकाव्यानि ।।*


सं. **१५३८** वर्षे पत्तनवास्तव्य सं. खीमसिंह-सं. सहसाभ्यां पु. समधर-देवदत्त-नोता, ईसरसुत हेमराज-सोनपाल-धरणा-अमीपाल-पूनपाल-आसपालप्रमुख-कुटुम्बयुताभ्यां लिखितमिदं पुस्तकम्। आचन्द्रार्कं नन्दतात्। शुभं भवतु। विश्वनाथलिखितम्। लेखक-पाठकयोः शुभं भवतु। कल्याणमस्तु।

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## વંશવૃક્ષ




## ભાવાર્થ

ગૂર્જર મંડલમાં અણહિલપુર પાટણ નામે નગર છે. ત્યાં પુન્યશાળી જિનમતાનુયાયી પ્રાગ્વાટ બૃહત્ શાખામાં શિરોમણિ છાડાક નામે શ્રેષ્ઠિ વસતો હતો. તેને કાબા નામે પુત્ર હતો. તેને સરળ હૃદયી અને સાધુભક્તિ ફદૂ નામે પત્ની હતી. તેમને સાદા અને રાજડ નામે બુદ્ધિશાળી પુત્રો હતા. તેમાં સાદાની પત્નીનું નામ લલતૂ હતું. તેનાથી દેવા નામે પુત્ર થયો અને રાજડને દાનશીલા ગોમતી નામે પત્ની હતી. તેમને ખીમસિંહ અને સહસા નામે સંઘવીઓમાં શિરોમણિ બે પુત્રો હતા. ખીમસિંહને ધનાઈ નામે ગુણશાલિની પત્ની હતી. તેમને દેતા અને નોતા નામે બુદ્ધિશાળી પુત્રો હતા. સહસાને વારૂ નામે પત્ની હતી અને તેને સમધર અને ઇસર નામે બે પુત્ર અને મલ્હાઇ નામે પુત્રી હતી. દેતાને કનકાઈ, નોતાને લાલી, સમધરને વડધૂ અને ઇસરને જીવિણી નામે પત્નીઓ હતી. દેતાને સોનપાલ અને અમીપાલ નામે પુત્રો હતા. અને નોતાને પૂનપાળ, સમધરને

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હેમરાજ અને ઇસરને ધરણા નામે પુત્રો હતા. સોનપાલ અને અમીપાલને પૂરી, જાસૂ, બાસૂ નામે બહેનો હતી. (૧-૧૦) પિતાએ મોટો ઉત્સવ કરવાથી જેનો વૈરાગ્યરંગ અભંગ છે તે પૂરી નામે પુત્રીએ દીક્ષા લઈ સાધુલબ્ધિ નામ ધારણ કર્યું. શ્રેષ્ઠ પરિવાર વાળા, ધર્મના આધાર, સદાચારી વિચારશીલ અને અતિ ઉદાર તે ખીમસિંહ અને સહસા નામના બંને ભાઈઓએ સંઘને દુકૂલ-રેશમી વસ્ત્ર અને કાંબળીના દાનપૂર્વક મોટો ઉત્સવ કરી શ્રી જયચંદ્ર મુનીન્દ્ર દ્વારા પ્રવર્તિની પદવીમાં સ્થાપિત કરી. (૧૧-૧૩)

ચાંપાનેર-પાવગઢના ઉત્તુંગ શિખર પર અરિહંત ભગવાનનું ચૈત્ય અને તેમાં તેમણે ભગવાનની અત્યંત પ્રૌઢ પ્રતિમાની પ્રતિષ્ઠા મોટા ઉત્સવપૂર્વક સંવત્ ૧૫૨૭ના પોષ વદિ પાંચમના દિવસે કરાવી. (૧૪) સંવત્ ૧૫૩૩માં સારાં ક્ષેત્રોમાં માનપૂર્વક મોટી સત્રશાળાઓ ખોલાવી જિનમતને શોભાવતા તે બંને ભાઈઓએ શત્રુંજય અને રૈવત-ગિરનારની મોટી યાત્રાઓનો ઉત્સવ કર્યો. (૧૫)

તે બંને ધર્મધુરંધર બંધુઓ સત્રાગારો બનાવીને તેમજ ગરીબ મનુષ્યોને આધાર આપવા વડે કલિને પણ વિધુર બનાવતા હતા. તેમણે સાધર્મિકભક્તિ અને પુણ્યકર્મમાં ચિત્ત લગાડીને અનેક પુણ્યકાર્યો કરવાથી પૃથ્વી રહે ત્યાં સુધી પોતાનું નામ ધ્રુવ-અમર કર્યું. તેમણે મનુષ્યોના મનને રુચે તેવા ઘણા, અત્યંત મોટા અને રૂપાના ટંકા યુક્ત લાડવાઓ સરખા સમ્યગ્દર્શનરૂપ લાડવાઓ બનાવ્યા, અને તીર્થોદ્ધાર, પરોપકાર અને ગુરુમહારાજના સત્કાર પ્રકાર વડે જાણે પ્રતિમાઓની પ્રતિષ્ઠા, પદવીપ્રદાન અને પ્રવેશોત્સવો પણ કરાવ્યા. વિશિષ્ટ પ્રકારના વેષ-વસ્ત્ર સમૂહ વડે શ્રેષ્ઠ ગચ્છને સારી રીતે આચ્છાદિત કરતા તે બંનેએ વસ્ત્રની સાથે જ સમગ્ર પૃથ્વીમંડળને યશવડે જલદીથી જ વ્યાપ્ત કરી દીધી. (૧૬-૧૮)

પ્રૌઢતાને પ્રાપ્ત કરનારા તપાગણમાં ઉન્નતિ અને નિત્ય લક્ષ્મીને વધારનારા શ્રેષ્ઠ ગુરુ શ્રી સોમસુંદરસૂરિ જેઓ પ્રતિષ્ઠાના સ્થાન રૂપ છે તેમને ગણધર સમા મુનિસુંદરસૂરિ અને ચંદ્રગચ્છરૂપ સમુદ્રમાં ચંદ્ર સમા શ્રી જયચંદ્રસૂરિ ગુરુ તેમની પાટને શોભાવે છે. તેમના ગુરુ શ્રી રત્નશેખરસૂરિ અને હાલ તેમની પાટે સૌભાગ્યશાળી શ્રી લક્ષ્મીસાગરસૂરિ જય પામે છે. તેમના ગણધરોમાં પણ શ્રેષ્ઠ સોમજય ગુરુ છે. તેમને પણ મોટો પરિવાર છે અને બીજા પણ શ્રેષ્ઠ સાધુઓ અહીં છે. (૧૯-૨૦)

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે ગુરુઓની ધર્મરસથી રસાયેલી વાણી સાંભળીને આ બંને ભાઇઓએ ચિત્કોશ-જ્ઞાનભંડાર માટે શ્રીજિનેશ્વર પ્રભુના સિદ્ધાંતોને પૈસા આપી લખાવવા માંડ્યા. સંવત્ ૧૫૩૮માં દાનવીર સંઘવી શ્રી ખીમસિંહ અને સહસાએ અહલાદ ઉપજાવે તેવી પ્રતિઓ લખાવી. (૨૧) આ નવીન લખાયેલ ગ્રંથોને શ્રી સોમજય ગુરુએ સંશોધનવડે શુદ્ધ બનાવ્યા. આ લેખન વિષયની શરૂઆત શ્રી વિજયમંદરિગણિએ આલસ છોડીને કરી અને ચિત્કોશની સમગ્ર ચિંતા તેમણે જ રાતી. (૨૨-૨૩)

ઉદારચરિત સંઘપતિ શ્રી ખીમસિંહ અને સહસાએ જિનેશ્વર ભગવાનના સમગ્ર સિદ્ધાંતગ્રંથો વિશિષ્ટ અક્ષરોથી લખાવ્યા. પ્રતિદિન સાવધાન ચિત્તથી મુનિગણ વડે વંચાતો અને વિદ્વાનોથી શોધાતો (આ સિદ્ધાંત) સર્વ મનુષ્યને આનંદ કરનાર થાઓ!

**('જૈન સત્યપ્રકાશ'માંથી સાભાર)**

---

## ज्ञानमंदिरना आगामी प्रकाशनो

| | | |
|---|---|---|
| ❖ श्रुतसागर ग्रंथसूचि भाग-१६ | हिन्दी | - |
| ❖ कथादीप | हिन्दी | आ. विजय श्री भद्रगुप्तसूरिजी |
| ❖ नैन बहे दिन रैन | हिन्दी | आ. विजय श्री भद्रगुप्तसूरिजी |
| ❖ सबसे उँची प्रेमसगाई | हिन्दी | आ. विजय श्री भद्रगुप्तसूरिजी |
| ❖ जैनधर्म | गुजराती | भद्रबाहुविजय |
| ❖ वार्ताना घाटे | गुजराती | आ. विजय श्री भद्रगुप्तसूरिजी |
| ❖ सुलसा | गुजराती | आ. विजय श्री भद्रगुप्तसूरिजी |

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# योगपरम्परा में वर्णित आध्यात्मिक विकास एवं गुणस्थान

**डॉ. दीपा जैन**

## भूमिका -

वेदान्त योग को ज्ञान के साधन अर्थात् ज्ञान साधना के रूप में स्वीकार करता है तथा स्मृति, इतिहास, पुराण तथा अन्य श्रुति में भी योग का ज्ञान-साधनत्व प्रसिद्ध है और गुणोपसंहार न्याय से योग की हेतु रूपता स्वीकार्य की गई है। योगवशिष्ठ दर्शन और चिन्तन ग्रन्थ हिन्दू परम्परा का वह प्रमुख ग्रन्थ है जिसमें आध्यात्मिक विकास की विभिन्न अवस्थाओं का उल्लेख मिलता है। संख्या की दृष्टि से तो ये जैन दर्शन में वर्णित १४ गुणस्थानों के समकक्ष ही हैं तथा गहनता व विषय-वस्तु की दृष्टि से भी इनकी जैन अभिगम में निकटता देखने को मिलती है। योगबिन्दु में आध्यात्मिक विकास को लेकर आचार्य हरिभद्र ने इसकी पाँच भूमिका बताई हैं-अध्यात्म, ध्यान, भावना, एकता, तथा वृत्ति संक्षय। इनमें प्रथम चार को उन्होंने सम्प्रज्ञात् अर्थात् चित्त समत्व तथा अंतिम को असम्प्रज्ञात् भूमिका अर्थात् आत्म रमण (जो अंतिम लक्ष्य मोक्ष की तरह है) कहा है।

अद्वैतमार्तण्ड योग के विषय में विशद विवेचन प्रस्तुत करता है। ज्ञानयोग तथा अद्वैतयोग द्विविध योग का उल्लेख इसमें किया गया है। प्रथम प्रकार के योग में आत्म एवं अनात्म के विवेचन एवं ज्ञान का अभ्यास किया जाता है जबकि द्वितीय प्रकार में अभेदभाव का स्थापन होता है। अद्वैतमार्तण्ड में योग की सात भूमियाँ बताई गई हैं। तीव्र मोक्ष की इच्छा वाली ज्ञानावस्था शुभेच्छा है। श्रवण मननरूप विचारणा है। ब्रह्माकार सूक्ष्म मन की अवस्था तनुमानसा है स्निग्ध में आसक्ति रूप असंशक्ति है। ब्रह्मातिरिक्त पदार्थ की भावना न करने वाली पदार्थभावना है तथा स्वरूपात्मक भूमि तुर्यगा है। प्रथम तीन साधन भूमियाँ हैं, चतुर्थ संप्रज्ञात एवं फलात्मिका भूमि है तथा अंतिम तीन असंप्रज्ञात भूमियाँ हैं। पंचम में उत्थान स्वयं होता है तथा षष्ठं भूमिका में अन्य के द्वारा होता है। सप्तम भूमिका में व्युत्थान स्वतः होता है न परतः।

## योगदृष्टि समुच्चय एवं गुणस्थान-

आचार्य हरिभद्रकृत योगदृष्टि समुच्चय में आठ दृष्टियों का उल्लेख है जिसमें चार पतन और चार आध्यात्मिक उत्थान की द्योतक हैं। योग के आठ अंग

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



- यम, नियम, आसन, प्राणायाम, प्रत्याहार, धारणा, ध्यान और समाधि आदि की तुलना गुणस्थान के साथ निम्नवत् रूप से की जा सकती है।

**१. यम** - अहिंसा, सत्य, अस्तेय, अब्रह्म तथा अपरिग्रह इन पंचविध मुख्य यमों के अतिरिक्त क्षमा, द्युति, दया, आर्जव, मिताहार, शौचादि की योजना द्वारा दशविध यमों की भी प्रसिद्धि दिखलाई है। जैन दर्शन के प्रमुख ग्रंथ उमास्वामिरचित तत्त्वार्थसूत्र के सातवें अध्याय में कहा गया है – **'हिंसानृतस्तेयाब्रह्मपरिग्रहेभ्योविर्तिव्रत'** अर्थात् हिंसा, अनृत, स्तेय, स्त्रीसंग, परिग्रह आदि निषिध कर्मों को न करने वाला साधक कहलाता है जिसे योगदर्शन में यम कहा जाता है।

**२. नियम** - कर्मफल की इच्छा न करना, सकाम कर्मों से लौटाकर निष्काम कर्म में प्रेरित करने वाले शौच, संतोष, स्वाध्याय, ईश्वर-प्राणिधान, प्रसिद्ध पाँच नियम योग दर्शन में स्पष्ट किए गए हैं। तप, संतोष, आस्तिक्य, दान, ईश्वरपूजन, सिद्धान्तवाक्य-श्रवण, ह्रीं, मति, जप एवं हुत आदि दशविध नियम भी चर्चित हैं। जैन दर्शन के गुणस्थानक सिद्धआन में इनकी उपस्थिति मानी जाती है।

**३. आसन** - इसमें बैठते जांघ के ऊपर दोनों पाद-तल रखकर, विपरीतक्रम से हाथों द्वारा अँगूठे को पकड़ने पर पद्मासन की स्थिति होती है। जांघ के बीच में दोनों टखने रखकर सीधी तरह से बैठने पर स्वस्तिक आसन की अवस्था होती है। एक जांध पर एक पाँव तथा दूसरी जांध पर दूसरा पाँव रखने से वीरासन होता है। योनिस्थान में पाँव का अग्र भाग लगाकर एक पाँव को पेढू पर दृढता से रखकर, चिबुक को हृदय पर स्थिर करके, स्थाणु को संयमित करके भ्रूमध्य भाग में दृष्टि निश्चल करके सिद्धासन होता है। यह आसन मोक्ष-द्वार को खोलने वाला है।

**४. प्राणायाम** - आसन की स्थिरता के अनन्तर प्राणायाम का विधान है। प्राण और अपान का एक्य ही प्राणायाम है तथा वही हठयोग भी है। प्राणायाम हठयोग के बीज के रूप में भी स्वीकार किया जाता है। प्राणायाम चतुर्विध है।

(अ) **बाह्यवृत्ति** - रेचक प्रक्रिया द्वारा उदर-स्थितवायु की बाह्य-गति को बाहर ही रोकना बाह्यवृत्ति प्राणायाम है।

(ब) **अभ्यंतरवृत्ति** - पूरण व्यापार द्वारा भीतर की ओर जाने वाली वायु को भीतर ही रोक लेना अभ्यंतरवृत्ति प्राणायाम है।

(स) **स्तम्भ-वृत्ति** - रेचक ओर पूरक प्रयत्न के बिना, अवरोध प्रयत्न द्वारा एक ही बार बाह्य एवं अभ्यंतर के विचार के बिना ही गति को रोक लेना

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



स्तम्भवृत्ति-प्राणायाम कुम्भक है।

(द) **तुरीय-वृत्ति** - बाह्य एवं अभ्यंतर प्रवेशों में सूक्ष्म दृष्टि से वायु की बहुविध प्रयत्नों से सिद्ध होने वाली स्तम्भ-वृत्ति ही तुरीयवृत्ति प्राणायाम है।

**५. प्रत्याहार** - इसमें इन्द्रियों को विषयों से विमुख करके लाया जाता है इसलिए यह प्रत्याहार कहलाता है अथवा विषयों से इन्द्रियों का बलपूर्वक आहरण ही प्रत्याहार है।

**६. धारणा** - प्राण और मन को विधिपूर्वक अंगुष्ठादि चक्रों में स्थिर करना धारणा है। अथवा चित्तवृत्ति की स्थान विशेष में स्थिरता ही धारणा है।

**७. ध्यान** - वृत्ति के एक से बने रहने की अवस्था ध्यान है और यही ध्यान योग है। इसमें चित्त की चंचलता नष्ट हो जाती है।

**८. समाधि** - संप्रज्ञात् समाधि ध्यान की ही पराकाष्ठा है। ध्येय मात्र का स्फुरण अहंकार रहित-ब्रह्माकारवृत्ति का उदय तथा त्रिपुटीलय आदि संप्रज्ञात् समाधि में होता है। इसी समाधि को लय योग भी कहा जाता है। श्री रामचन्द्रकृत सामायिक पाठ में निम्न पंक्तियों के माध्यम से समाधि की विभावना को इस प्रकार दर्शाया गया है-

**हे भद्र आशन लोक पूजा संग की संगत तथा।**
**ये सब समाधि के न साधन वास्तविक में है प्रथा ।।**

समाधि से अभिप्राय सविकल्प-समाधि है। यम, नियम, आसन, प्राणायाम और प्रत्याहार ये पाँच योग के बहिरंग साधन हैं तथा धारणा, ध्यान और समाधि ये तीन योग के आन्तरिक साधन हैं। ध्येयमात्र का स्फुरण समाधि है और स्वरूप का स्फुरण असंप्रज्ञात योग है।

**योगबिन्दु में आध्यात्मिक विकास की स्थितियाँ -**

**(१) मित्रदृष्टि और यम** - यम अर्थात् अहिंसादि पाँच महाव्रतों का पालन मित्रदृष्टि साधक करता है। इस अवस्था का आत्मबोध सम्यक्त्व सहित तो होता है किन्तु शुभ क्रियाओं में मोह राग या रुचि के चलते पूर्ण परित्यक्ततायुक्त नहीं होता।

**(२) तारादृष्टि और नियम** - इस दशा में साधक शौच, संतोष, तप और स्वाध्याय आदि नियमों का पालन करते हुए शुभ कार्यों के प्रति अप्रेम का गुण व तत्वज्ञान की जिज्ञासा का सृजन कर लेता है।

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**(३) बलादृष्टि और आसन** - व्यक्ति यहाँ मनोविकारों व तृष्णा को शान्त करने की शक्ति संचय करके योग निरोध का अभ्यास मन, वचन, काया के माध्यम से करता है। इस अवस्था का तत्त्वबोध काष्ठ की अग्नि के समान होता है।

**(४) दीप्रादृष्टि और प्राणायाम** - यह योग के प्राणायाम के समान है जैसे प्राणायाम की रेचक, पूरक, और कुम्भक तीन अवस्थाएँ हैं ठीक उसी प्रकार दीप्रादृष्टि क्रमशः बाह्य भाव नियन्त्रण, आन्तरिक भाव नियन्त्रण तथा मनोभावों की स्थिरतारूप कुम्भक जिसमें सदाचार की ज्योति प्रज्ज्वलित रहती है, के समान होती है किन्तु पूर्ण नैतिक विकास के अभाव में इस अवस्था में पतन की सम्भावना बनी रहती है। इन चारों अवस्थाओं में आसक्ति रहती है, यथार्थ बोध नहीं होता।

**(५) मिथ्यादृष्टि और प्रत्याहार** - इस अवस्था में व्यक्ति सत्य या यथार्थ को स्वीकारता व समझता तो है किन्तु ग्रहण नहीं कर पाता। यद्यपि दिशा व लक्ष्य उसके सामने तय होते हैं किन्तु आचरण का निमित्त या संयोग नहीं मिल पाता ठीक सम्यग्दृष्टि चतुर्थ गुणस्थान की तरह।

**(६) कान्तादृष्टि और धारणा** - जिस प्रकार चित्त की स्थिरता में शुद्धता आधार रूप है उसी प्रकार कान्तादृष्टि के द्वारा जीव सत्-असत् में पूरण भेद दृष्टि के साथ आत्मशुद्धि के पथ पर साधना में स्थिर होता है। इस धारणा के समर्थन में छः ढाला की छट्ठी ढाल की ये पंक्तियाँ युक्ति संगत प्रतीत होती हैं-

**जिन परम पैनी सुबुधि छैनी डारि अंतर भेदिया।**
**वरणादि अरु रागादि तैं निज भाव को न्यारा किया ।।८।।**

**(७) प्रभादृष्टि और ध्यान** - जहाँ धारणा में एक देशीय चित्त की स्थिरता रहती है वहीं प्रभादृष्टि और ध्यान अवस्था दीर्घकालिक व चित्त की पूर्ण स्थिरता की द्योतक है। कमोवेश यह स्थिति जैन दर्शन में आठवें से बारहवें गुणस्थान में देखने को मिलती है। यहाँ कर्म क्षय (क्षीण प्राय) हो जाता है। पं. दौलतरामजी अपने बहु प्रचलित लोकग्रंथ छः ढाला में कहते हैं -

**निज माहि निज के हेतु निजकर आपको आपै गह्यां।**
**गुण गुणी ज्ञाता ज्ञान ज्ञेय मझार कछु भेद न रह्यौ।।**

**(८) परादृष्टि और समाधि** - अद्वैत मार्तण्ड ज्ञानोदय में समाधि के अनुष्ठान

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



की परम आवश्यकता दिखलाता है। मनोनाश-वासना-नाश तथा तत्व-ज्ञान के युगपद अभ्यास के बिना परमपद की अप्राप्ति के श्रुति-निर्देश द्वारा यह सिद्ध किया है कि सविकल्पक समाधि का अनुष्ठान नितान्त अनिवार्य है। यह सभी योगावस्था का उत्तरार्ध और परादृष्टि का पूर्वार्ध तेरहवें गुणस्थान जैसी समकक्षता रखता है किन्तु इस अंतिम योगावस्था में चित्त सम्पूर्ण शान्त व पूर्ण नैतिक साधन की सिद्धि को प्राप्त होता है अर्थात् निर्वाण की प्राप्ति करता है। यह चौदवें गुणस्थान से तुलनीय है।

**समाधिफल** - योग दर्शन में समाधिफल का उप विभाजन एवं विश्लेषण इस प्रकार किया गया है-

**(अ) सम्प्रज्ञात समाधिफल** - सविकल्पक समाधि में सात्विक वृत्ति का ध्येय के आकार के रूप में सद्भाव रहता है। समाधि में ध्यान-ध्याता-ध्येय त्रिपुटी का विलय नहीं होता। इस सविकल्पक समाधि के चिरकालिक अनुष्ठान को सम्प्रज्ञात योग कहा है। दौलतराम कृत छहढाला में ध्यान-ध्याता-ध्येय त्रिपुटी की अवस्था को इस प्रकार स्पष्ट किया गया है-

**जहाँ ध्यान-ध्याता-ध्येय को न विकल्प वच भेदन जहाँ।**
**चिद् भाव कर्म चिदेश कर्ता चेतना किया तहाँ ।।६।।**

समाधि अनुष्ठान द्वारा अप्रत्यक्ष अर्थ का साक्षात्कार, क्लेश-नाश शुभाशुभ कर्म विनाश तथा निरुद्ध चित्त में सात्विक वृत्ति का निरोध करते हुए असम्प्रज्ञात समाधि की उपलब्धि होती है। जैन दर्शन में मोक्ष के लिए शुभाशुभ वृत्तियों का निरोध जरूरी माना गया है।

**(ब) असम्प्रज्ञात समाधि** - सविकल्प समाधि की पराकाष्ठा धर्ममेघ समाधि है। पूर्णरूपेण वृत्ति-शून्य चित्त में जब सच्चिदानन्द स्वरूप का स्फुरण होता है तभी असम्प्रज्ञात-समाधि होती है।

**(स) निर्बीज समाधि** - श्रवण, मनन एवं ध्यान के अभ्यास द्वारा धर्ममेघ समाधि की प्राप्ति होती है। परम विरक्ति प्रधान प्रज्ञा के प्रसाद से अनुगृहीत आत्मा परमात्मा का साक्षात्कार करती है और इस प्रकार निर्बीज योग प्राप्त होता है। यद्यपि द्विविध समाधियाँ जीवन मुक्ति के लिए अपेक्षित कही जाती हैं तथापि निर्विकल्पक समाधि तो जीवन्मुक्ति की ही होती है।

**(क्रमशः)**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચિત્રકાવ્ય એક પરિચય

**મુનિશ્રી સુયશચંદ્રવિજય**

ચિત્ર - એટલે જુદા જુદા પ્રકારના, કાવ્ય - એટલે પદ્ય. કોઈક પદ્યો છત્ર, ચામર, દંડ, ધનુષ એવી જુદી જુદી આકૃતિમાં ગોઠવાયેલા હોય, તો કોઈક અનુપ્રાસ, યમકવાળી ભાષાકીય વિશેષતા વાળા હોય, કેટલાક બીજા સમાન શબ્દ રચના વાળા છતા ભિન્ન ભિન્ન અર્થવાળા, તો વળી અન્ય કેટલાક વિભિન્ન ભાષાઓથી ગુંથાયેલા. આવા તો ઘણા પ્રકારોમાં ચિત્રકાવ્યો રચાતા (બનાવાતા). જો કે આવા કાવ્ય રચવાનું મુખ્ય લક્ષ્ય તો પોતાની વિદ્વત્તા દ્વારા લોકરંજન કરવાનું જ હતુ છતા ક્યારેક રાજાદિકને ખુશ કરી આજીવિકા મેળવવા કે ગુપ્તસંદેશાનું આદાન-પ્રદાન કરવા પણ આવા કાવ્યો પ્રયોજાતા.

પ્રાચીન કાળમાં ય આવા કાવ્યો રચાતા. ખાસ કરીને આ કાવ્ય પ્રકાર મધ્યયુગમાં વધુ પ્રચલિત થયો. અગ્નિપુરાણ જેવા વૈદિક ગ્રંથોથી આરંભી કવિ ભારવીના કિરાતાર્જુનીયમહાકાવ્ય, હરિચંદ્રકૃત ધર્મશર્માભ્યુદય કાવ્ય, કવિ સમંતભદ્રના જિનશતક અને બીજા પણ શતાધિક જૈન-જૈનેતર ગ્રંથોમાં આવા કાવ્યો ગુંથાયા છે. ચિત્ર કોષ કાવ્ય (કવિ મેઘવિજયજી કૃત), બન્ધ-કૌમુદિ (કવિ નૃસિંહ) જેવા ગ્રંથો ચિત્રકાવ્યના જ સ્વતન્ત્ર ગ્રંથો છે. પ્રાકૃત, સંસ્કૃત, મહારાષ્ટ્રી, હિંદી, ગુજરાતી, ઉત્કલ, બંગ વિગેરે ભાષાઓમાં ભિન્ન ભિન્ન રીતે આલેખાયેલા (દા. ત. શિલા ઉપર, દીવાલ ઉપર, તાડપત્ર, તામ્રપત્ર, વસ્ત્રાદિક લેખન સામગ્રી ઉપર) ઘણા કાવ્યો મળે છે ને આ કાવ્ય પ્રકારનો લોકપ્રેમ જણાવે છે.

પ્રસ્તુત ચિત્રકાવ્યમાં ઘટાદાર વૃક્ષનું ચિત્રણ કર્યું છે. ચિત્રમાં વૃક્ષના પર્ણોને ચિત્રકારે અવનવા રંગો પૂરી ચિત્રને સજીવન કર્યું છે. વૃક્ષ સહજ વિસામાનું સ્થાન છે. એવી પ્રાકૃતિક વિભાવનાને કવિએ પશુ-પંખીના ચિત્રણ દ્વારા અભિવ્યક્ત કરી છે. ડોલન સ્થિતિમાં વૃક્ષનું આ ચિત્ર દર્શનીય બન્યું છે.

પ્રસ્તુત રચના ચિત્રકાવ્યમાં આકૃતિબદ્ધ રચાયેલી રચના છે. વૃક્ષના આકારમાં ગોઠવાયેલ ૨ પદ્યો દ્વારા અહિં વીર જિનેશ્વરની સ્તુતિ કરવામાં આવી છે. ચિત્રમાં જે અક્ષર ૩ નો આંક લખાયો છે તે અક્ષર તેટલી વાર લેતા કાવ્ય રચાય છે (અલબત સ્વરોની ઘટ-વધની છૂટ) આપણે હવે તે કાવ્ય અને તેનો અર્થ વિચારીશું.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**पततां प्राणिनां पोतो - पमं संसार सागरे ।**
**धाम कैवल्यलक्ष्म्या वो, धाराधररवः सदा ।।१।।**

**महानन्द सुखं दधात्, महावीरो जिनेश्वरः।**
**यति-श्राद्धानुरूपं यो, द्विधा धर्ममवीवदत् ।।२।।**

**ભાવાર્થ :** સાધુ ધર્મ અને શ્રાવક ધર્મ સ્વરૂપ બે ધર્મો જેમણે કહ્યા છે તે સંસાર સમુદ્રમાં ડૂબતા જીવોને માટે જહાજ જેવા, કેવળજ્ઞાનરૂપી લક્ષ્મીના ઘર સમાન વળી સમુદ્ર જેવા ગંભીર ધ્વનિ (વાણી) વાળા શ્રી મહાવીર પરમાત્મા અમને શાશ્વત સુખ આપનારા થાઓ.

## પ્રસ્તુત ચિત્રકાવ્યનો ઉકેલ

**પહેલું ચરણ :** વૃક્ષની સૌ પ્રથમ ડાળીના આરંભના વૃક્ષના મધ્યભાગથી 'पतं...' આપણી ડાબી તરફ જતુ પદ્ય.

**બીજુ ચરણ :** વૃક્ષની નીચેથી બીજી ડાળીના આરંભમાં વૃક્ષના મધ્યભાગથી 'धाम...' આપણી ડાબી તરફ જતુ પદ્ય.

**ત્રીજુ ચરણ :** વૃક્ષની સૌથી ઉપરની ડાળીના આરંભમાં વૃક્ષના મધ્યભાગથી 'महानंद...' આપણી ડાબી તરફ જતુ પદ્ય.

**ચોથુ ચરણ :** વૃક્ષના થડના મધ્યભાગમાં નીચેથી ઉપર સુધી 'यति...' સીધી રેખામાં અંકિત ચોથુ ચરણ.

પ્રસ્તુત કૃતિની મૂળ કૉપી આપવા બદલ ઇન્દુભાઈ [યુ. એસ. એ.] નો ખૂબ ખૂબ આભાર.

❖ ❖ ❖

**(અનુસંધાન પેજ નં. ૩૨નું)**

આંબાવાડી જૈન સંઘ દ્વારા તૈયાર કરવામાં આવેલ વિશાળ શમીયાણામાં જગ્યા ન મળે તેટલી મોટી સંખ્યામાં જૈન-અજૈન યુવાનોએ આ શિબિરમાં ભાગ લીધો હતો.આ સમાચારનું સંકલન કરવા બદલ શ્રી જીતુભાઈ શાહનો ખૂબ આભાર.

For Private and Personal Use Only

# पूज्य योगनिष्ठ आचार्य श्रीमद् बुद्धिसागरसूरीश्वरजी म. के साधु-साध्वीजी म. के चातुर्मास की सूचि.

**१. गच्छनायक आचार्यश्री मनोहरकीर्तिसागरसूरीश्वरजी म.**
तथा आचार्यश्री उदयकीर्तिसागरसूरिजी म. आदि ठा. ४
तपागच्छ जैन उपाश्रय, पालनपुर (गुजरात)

**२. राष्ट्रसंत प. पू. आचार्यश्री पद्मसागरसूरीश्वरजी म.**
आचार्यश्री अमृतसागरसूरिजी म.
गणिवर्यश्री प्रशांतसागरजी म. तथा
मुनिश्री विमलसागरजी म. आदि ठा. ९
आंबावाडी जैन श्वे. मू. संघ, नहेरुनगर, अमदाबाद

**३. आचार्यश्री वर्धमानसागरसूरिजी म. तथा**
पंन्यासश्री विवेकसागरजी म.
पंन्यासश्री अजयसागरजी म. आदि ठा. ७
जवाहरनगर जैन संघ, गोरेगांव (वेस्ट) मुंबई - ४०० ०६२

**४. आचार्यश्री अरुणोदयसागरसूरिजी म. आदि ठा. २**
जैन क्रियाभवन, जोधपुर (राजस्थान)

**५. आचार्यश्री विनयसागरसूरिजी म. आदि ठा.२**
जैन श्वे. मू. संघ, गुवाहाटी (आसाम)

**६. पंन्यासश्री देवेंद्रसागरजी म. आदि ठा. २**
मुनिसुव्रतस्वामि जैन मंदिर, शंकरलेन
कांदीवली, (वेस्ट) मुंबई

**७. पंन्यास श्री हेमचंद्रसागरजी म. आदि ठा. २**
जैन मरचटन्स सोसाईटी, पालडी, अमदाबाद, ३८० ००७

**८. पंन्यास श्री प्रसन्नकीर्तिसागरजी म. आदि ठा. २**
जैन श्वे. मू. संघ, सेक्टर-२२, गांधीनगर (गुजरात)

**९. पंन्यास श्री राजकीर्तिसागरजी म. आदि**
प्रांतिज (गुजरात)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**१०. पंन्यास श्री अरविंदसागरजी म. आदि ठा. ६**
तांम्बेनगर, मुलुंड (वेस्ट) मुंबई - ४०० ०४०

**११. पंन्यास श्री महेंद्रसागरजी म. आदि ठा. ३**
जैन श्वे. मू. संघ, बेल्लारी (कर्णाटक)

**१२. गणिवर्य श्री नयपद्मसागरजी म. आदि ठा. ३**
अरविंद कुंज जैन संघ, ताड़देव - मुंबई - ४०० ०३६

**१३. मुनिश्री संयमसागरजी म. आदि ठा. २**
जितेंद्र रोड़ जैनसंघ, मलाड़ (पूर्व) मुंबई-४०० ०६४

**१४. मुनिश्री प्रेमसागरजी म. आदि ठा. २**
जैन तपागच्छ उपाश्रय, सिरोही (राज.)

## योगनिष्ठ आचार्यश्रीमद् बुद्धिसागरसूरीश्वरजी म. के समुदायकी आज्ञानुवर्तिनी साध्वीजी के चातुर्मास की सूचि

**१. प. पू. पुन्यप्रभाश्रीजी म. सा. आदि ठाणा-५**
आम्रकुंज सोसायटी साबरमती,
रामनगर अमदावाद-३८० ००५

**२. प. पू. सूर्यलत्ताश्रीजी म. सा. आदि ठाणा-८**
महुडी जैन धर्मशाळा, पालीताणा (सौराष्ट्र)

**३. प. पू. पवित्रलत्ताश्रीजी म. सा. आदि ठाणा-४**
सागरगच्छ उपाश्रय, आझाद चोक, महेसाणा (उ. गु.)

**४. प. पू. मयणलत्ताश्रीजी म. सा. तथा**
प. पू. सुरप्रभाश्रीजी म. सा. आदि ठाणा-३
जनक चैत्य विहार, सोला पारसनगर
नारणपुरा, अमदावाद-३८० ०१३

**५. प. पू. सुधर्माश्रीजी म. सा. आदि ठाणा-२**

**६. प. पू. रत्नत्रयाश्रीजी म. सा. आदि ठाणा-५**
श्री सीमंधरस्वामीजी जैनतीर्थ उपाश्रय, नेशनल हाइवे रोड, महेसाणा

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**७. प. पू. धर्मरत्नाश्रीजी म. सा. तथा**
प. पू. पुनितधर्माश्रीजी म. सा. आदि ठाणा-६
आंबलीपोळ, रतनपोळ झवेरीवाड, अमदावाद, ३८० ००१

**८. प. पू. सुनयनाश्रीजी म. सा. आदि ठाणा-२**
रतनपोळ, गोलवाड, अमदावाद, ३८० ००१

**९. प. पू. तत्त्वगुणाश्रीजी म. सा. आदि ठाणा-८**
सेक्टर-१७/२२, गांधीनगर (गुजरात)

**१०. प. पू. ज्योतिप्रभाश्रीजी म. सा. आदि ठाणा-२**
फ्लेट नं. ४, जय एपार्टमेन्ट, कपूर बिल्डींगनी पाछळ,
रामनगर साबरमती, अमदावाद, ३८० ००५

**११. प. पू. कल्पगुणाश्रीजी म. सा. आदि ठाणा-३**
बुद्धिसागर जैन उपाश्रय, वासुपूज्य जैन दहेरासरजीनी बाजुमां,
कांदीवली (वेस्ट) मुंबई

**१२. प. पू. कल्याणधर्माश्रीजी म. सा. तथा**
प.पू. नलीनयशाश्रीजी म. सा. आदि ठाणा-६
जवाहरनगर, गोरेगांव (वेस्ट), मुंबई, ४०० ०६२

**१३. प. पू. रत्नमालाश्रीजी म. सा. आदि ठाणा-२**
कस्तुरधाम जैनधर्मशाळा, रूम नं. १३
पालीताणा (सौराष्ट्र)

**१४. प.पू. रम्यगुणाश्रीजी म. सा. आदि ठाणा-५**
तांबेनगर, मुलुन्ड, मुंबई, ४०० ०४०

**१५. प. पू. कल्पशीलाश्रीजी म. सा. आदि ठाणा-२**
पालनपुर (गुजरात)

**१६. प. पू. पियूषपूर्णाश्रीजी म. सा. आदि ठाणा-३**
जैन देरासर, आयंबिलशाळा उपर
विजयनगर, नारणपुरा अमदावाद - ३८००१३

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**१७. प. पू. मुक्तिरत्नाश्रीजी म. सा. आदि ठाणा-३**
आंबावाडी, नहेरूनगर, अमदावाद

**१८. प. पू. नयतत्त्वज्ञाश्रीजी म. सा.**
गिरीविहार, पालीताणा (सौराष्ट्र)

**१९. प. पू. मयणाश्रीजी म. आदि ठाणा-२**
भायंदर (वेस्ट) ठाणे, महाराष्ट्र

**२०. प. पू. नमोरत्नाश्रीजी म. सा. आदि ठाणा-२**
सेटेलाईट - अमदावाद

## સુવિચાર

❖ તમારી પાસે પોતાની માલિકીનું કહી શકાય તેવું તત્ત્વ એક જ છે, તમારો સમય.

❖ નિર્દોષતાની મોટી મજા એ છે કે અપેક્ષાઓ નડતી નથી હોતી, હા અને ના આ બંન્ને જવાબમાં મન સરખું સમતોલ રહે છે.

❖ શુદ્ધ બુદ્ધિથી આપણે ધર્મ કરવાનો છે.
અને સૂક્ષ્મબુદ્ધિથી આપણે ધર્મ સમજવાનો છે.

❖ ધર્મમાં સત્કારભાવ,
દુઃખમાં સ્વીકારભાવ,
અને દોષમાં પ્રતીકારભાવ
સાધનામાર્ગના આ અનિવાર્ય ત્રણ સોપાન છે.

❖ આપણી લાગણીને સત્ત્વશીલ બનાવે,
આપણા વિચારોને પ્રામાણિક બનાવે
અને આપણા આદર્શોને નૈતિક બનાવે
એવા પુસ્તકો અને મિત્રો આપણા જીવનમાં ઉમેરાવા જોઈએ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રુતસેવાનો આત્મીયતાભર્યો
# એક અભિપ્રાય

મુંબઈના શ્રી ઉવસ્સગહરં સાધના ટ્રસ્ટ દ્વારા જૈન વિશ્વકોશનું એક ભગીરથ કાર્ય ચાલી રહ્યું છે. આમાં જૈન ધર્મનાં તીર્થો, તીર્થંકરો, સાધુ-મહાત્માઓ, સાધ્વીજીઓ, પર્વો, મહત્ત્વની ઘટનાઓ, સંસ્થાઓ, જુદાં જુદાં ક્ષેત્રમાં કાર્ય કરનાર પ્રતિભાઓ વગેરે અનેક વિષયો આ વિશ્વકોશ (એન્સાઇક્લોપીડિયા)માં સામેલ છે. પ. પૂ. નમ્રમુનિજીનો આમાં અમૂલ્ય સહયોગ સાંપડ્યો છે. આ સંદર્ભમાં અમે તા. ૩૦મી જુલાઈ અને ૩૧મી જુલાઈ એમ બે દિવસ શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબામાં સંશોધનકાર્ય માટે દસેક વિદ્વાનોને નિમંત્રણ આપ્યું હતું. એમાં **શ્રી ગુણવંત બરવાળિયા, મધુબેન બરવાળિયા, ડૉ. રેણુકા પોરવાલ, ડૉ. રેખાબેન વોરા, ડૉ. નલિનીબેન દેસાઈ, ડૉ. પાર્વતીબેન ખીરાણી, ખીમજીભાઈ ખીરાણી** વગેરે વિદ્વાનો આવ્યા હતા અને બે દિવસ કોબામાં જ રહીને એમણે વહેલી સવારથી મોડી રાત સુધી આ સંશોધનકાર્ય કર્યું હતું.

આ સંશોધનકાર્યમાં શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર કોબાના શ્રી કૈલાસસાગરસૂરી જ્ઞાનમંદિરનો અત્યંત કીંમતી સહયોગ મળ્યો છે. આ સંશોધકોને કોઈ પુસ્તક મળે એટલે બધું મળી જાય. આપની સંસ્થામાં અમે જે કોઈ પુસ્તકો અને વિગતો માગી, તે અમને તત્કાળ મળી છે. દરેક સંશોધક જ્ઞાનમંદિરની વ્યવસ્થા, ત્વરિતતા અને કાર્યકુશળતાથી પ્રભાવિત થયા હતા. આ સંશોધકોને એમ લાગ્યું કે ફરીવાર મુંબઈથી અહીં આવીને પુનઃ સંશોધનનું કામ આગળ ધપાવવું. આ રીતે આપની સંસ્થાએ આ જ્ઞાનપ્રવૃત્તિમાં અત્યંત કીંમતી સહયોગ આપ્યો તે માટે તે સહુ વતી તેમજ અંગત રીતે હું આપનો ઋણી છું. આ ગ્રંથ જ્યારે પ્રકાશિત થશે, ત્યારે તેમાં આપની સંસ્થાનો આદરપૂર્વક ઉલ્લેખ કરીશું અને એનું પ્રકાશન થાય ત્યારે આપને અમે કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા માટે નિમંત્રણ પણ પાઠવીશું.

પુનઃ આપ સહુ ટ્રસ્ટીઓનો, શ્રી મુકેશભાઈ શાહનો, શ્રી કનુભાઈ શાહનો તથા જ્ઞાનમંદિરના પંડિતો અને કર્મચારીઓનો અમે આભાર માનીએ છીએ.

**- કુમારપાળ દેસાઈ**

**- ગુણવંત બરવાળિયા**

For Private and Personal Use Only

# આચાર્યશ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર, કોબા
## સંક્ષિપ્ત કાર્ય અહેવાલ જુલાઈ-૧૩

જ્ઞાનમંદિરના વિવિધ વિભાગોના કાર્યોમાંથી જુલાઈ-૧૩માં થયેલાં મુખ્ય-મુખ્ય કાર્યોની ઝલક નીચે પ્રમાણે છે.

૧. હસ્તપ્રત કેટલૉગ પ્રકાશન કાર્ય અંતર્ગત કેટલૉગ નં. ૧૬ માટે કુલ ૫૦૪ પ્રતો સાથે ૧૮૬૪ કૃતિલિંક થઇ અને આ માસાંત સુધીમાં કેટલૉગ નં. ૧૬ માટે ૫૩૮૦ લિંકનું કાર્ય પૂર્ણ થયું.

૨. ૧૧૫૦ હસ્તપ્રતોના ૬૫૧૪૬ પૃષ્ઠો અને ૨૮ પ્રીન્ટેડ પુસ્તકોના ૧૦૩૪૧ પૃષ્ઠોનું મળી કુલ ૭૫૪૮૭નું સ્કેનીંગ કાર્ય કરવામાં આવ્યું.

૩. સાગરસમુદાય ગ્રંથ તથા વિશ્વ કલ્યાણ ગ્રંથ પુનઃ પ્રકાશન પ્રોજેક્ટ હેઠળ કુલ ૭૪૨ પાનાઓની ડબલ એન્ટ્રી તથા ૧૪૩ પેજની સીંગલ એન્ટ્રી કરવામાં આવી.

૪. લાયબ્રેરી વિભાગમાં પ્રકાશન એન્ટ્રી અંતર્ગત કુલ ૨૪૫ પ્રકાશનો, ૭૧૮ પુસ્તકો, ૬૫૬ કૃતિઓ તથા પ્રકાશનો સાથે ૮૫૪ કૃતિ લિંક કરવામાં આવી. આ સિવાય ડેટા શુદ્ધિકરણ કાર્ય હેઠળ જુદી-જુદી મહિતીઓના રેકોર્ડ્સમાં સુધાર કાર્ય કરવામાં આવ્યું.

૫. મેગેઝીન વિભાગમાં ૮૫ મેગેઝીનોના અંકોની એન્ટ્રી તથા ૧૧૧ પેટાંકો સાથે કૃતિઓ લિંક કરવામાં આવી.

૬. ૧૨ વાચકોને ૧૫ ગ્રંથોના ૯૫૦ પૃષ્ઠોની ઝેરોક્ષ નકલ ઉપલબ્ધ કરાવવામાં આવી. આ સિવાય વાચકોને કુલ ૭૧૮ પુસ્તકો ઇશ્યુ થયાં તથા ૬૪૦ પુસ્તકો જમા લેવામાં આવ્યાં.

૭. ભેટકર્તાઓ તરફથી ૭૧૮ પુસ્તકો ભેટ સ્વરૂપે પ્રાપ્ત થયાં.

૮. વાચક સેવા અંતર્ગત ૫. પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો, સ્કૉલરો, સંસ્થાઓ વિગેરેને ઉપલબ્ધ માહિતીઓના આધારે જુદી-જુદી ક્વેરીઓ તૈયાર કરી આપવામાં આવી, જેમાંથી તેઓ દ્વારા જરૂરી પુસ્તકો તથા હસ્તપ્રતોનો ડેટા આપવામાં આવ્યો.

૯. શ્રુતસાગરનો જુલાઈ-૨૦૧૩નો અંક નં-૩૦ પ્રગટ કરવામાં આવ્યો.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભવ્ય ચાતુર્માસ
## આંબાવાડી જૈન સંઘમાં તૃતીય પરિવર્તન શિબિર

વર્ષાવાસની ત્રીજી પરિવર્તન શિબિરમાં શ્રદ્ધાળુને પ્રભાવક પ્રવચનકાર પૂજ્ય આચાર્ય શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ.સા તથા ક્રાન્તિકારી મુનિ વિમલસાગરજીએ સચોટ વાણીમાં જણાવ્યું હતું કે જૈન જેવા ઉચ્ચકુળમાં જન્મ લેવાથી જૈન બની ગયાનો સંતોષ અનુભવતા લોકોને જૈન ધર્મના પાયામાં રહેલ અને ભગવાન મહાવીરે અપનાવેલ અહિંસાના માર્ગ પર ચાલવા માટે સૂક્ષ્મ બાબતોનો ખ્યાલ આપણે રાખી શકતા નથી અને મને ભય છે કે આમ જ ચાલ્યા કરશે તો જૈન ધર્મના પાયા હચમચી ઉઠશે તેમણે ઉમેર્યું હતું કે નૈતિકતા નેવે મુકી, માત્ર પોતાનું પેટ ભરવાનો વિચાર કર્યા કરવો એવું જૈન ધર્મ ક્યારેય શીખવતો નથી પોતાનો પરિવાર, પોતાના ભાઈ-ભાડું, અડોસ-પડોશ કે સમાજના અન્ય લોકો સાથે આપણો વ્યવહાર સદ્ભાવના પૂર્ણ હોવો જોઈએ.

જૈન ધર્મની ઈમારતના ચાર પાયા કહી શકાય તેવા અહિંસા, નૈતિકતા, એકતા અને સંયમ વિગેરેનું પાલન કેવી રીતે થઈ રહ્યું છે, અને કેવી રીતે કરવું જોઈએ તેની માર્મિક રજૂઆત પોતાની અસ્ખલિત વાણીમાં શ્રોતાઓને જણાવી પોતાના હૃદયના ભાવ પ્રગટ કર્યા હતા.

શિસ્તનું મહત્ત્વ સમજાવતા તેઓશ્રીએ જણાવ્યું હતું કે શિસ્તના આચરણથી સંયમભાવ પણ પેદા થાય છે અને જે કાર્ય માટે જે સમય નિશ્ચિત થયો હોય તે કાર્ય તે સમયે જ કરવું જોઈએ એ વાતને વિવિધ અને રસમય ઉદાહરણ દ્વારા વ્યક્ત કરતા શ્રોતાજન આફરીન પોકારી ગયા હતા.


વિવિધ ધર્મોની વાતો કરી જે તે ધર્મની મહત્ત્વની વાતોની નોંધ લઈ તેમાંથી ઘણું શીખવાનું મળે છે એમ કહી તેમણે ઉમેર્યું હતું કે 'અજાન' પોકારાતા સૌ મુસ્લીમ બીરાદરો ઈબાદત માટે પોતાના કામ અધૂરા છોડી દોડી જતા હોય છે તેમ આપણે પણ પ્રભુભક્તિ, ગુરૂવંદના, સેવા-પૂજા વિગેરે જેવા ધાર્મિક કાર્યો માટે નિયમિતતા જીવનમાં લાવવી જ રહી.

પૂજ્યશ્રીએ ટકોર કરતા જણાવ્યું હતું કે દરેક જૈન સંઘમાં વર્ષાવાસ માટે સાધુ-સાધ્વીજી ભગવંતો ચાર માસ માટે સ્થિર થયા હોય ત્યારે તેમના પ્રવચનો અને વાણીને જીવનમાં ઉતારવામાં આવે તો જ ચાતુર્માસ સાર્થક થયું ગણાય. પૂજ્યશ્રીએ જણાવ્યું હતું કે હજારો માણસોના જીવ બચાવવાનો સમય આવે ત્યારે આપણે આપણાં જીવની પરવા ન કરવી જોઈએ અને નાનામાં નાના જીવને પણ આપણે સુખ અને શાતા આપવા કાર્યરત રહેવું જોઈએ.

(અનુસંધાન પેજ નં. ૨૫ ઉપર)

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



वि.सं. 1483 मां लखायेल श्री आवश्यकनिर्युक्तिनी प्रतनुं अंतिम पत्र

For Private and Personal Use Only



BOOK-POST / PRINTED MATTER

प्रकाशक

# आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर

श्री महावीर जैन आराधना केन्द्र, कोबा, गांधीनगर - ३८२००७

फोन नं. (०७९) २३२७६२०४, २०५, २५२ फेक्स : (०७९) २३२७६२४९

E-mail : gyanmandir@kobatirth.org website : www.kobatirth.org